# મુખ્યમંત્રીએ પાંચમી વખત પહિંદ વિધિ કરી રથને પ્રસ્થાન કરાવ્યા

**સોનાની** સાવરણીથી રથની સફાઈ સેવાની પરંપરા નિભાવી મુખ્યમંત્રીએ ભગવાન જગન્નાથજીનો રથ ખેંચ્યો

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલે સૌ કચ્છી માડુઓને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી

અમદાવાદ : આજે અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસ્થાન કરાવતા પૂર્વે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજી અને તેમના રથનું પૂજન-અર્ચન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વખત ભગવાન જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ તેમણે ભગવાનના મુખ્ય રથને નગરયાત્રા માટે મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા.

ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી, અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું. તેમણે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પ્રસંગે રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતુ કે ભગવાન જગન્નાથજી આજે ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરચાત્રાએ નીકળ્યા છે. પ્રભુ આજે સામે ચાલીને શ્રમિકો, ગરીબો અને સૌ નાગરિકોને આશીર્વાદ તેમજ દર્શન આપી રહ્યા છે.

## મનપા મુખ્ય કચેરી ખાતે ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી અને બલરામજીના દર્શન કરી ત્રણેય રથ તેમજ મહંતશ્રીનું સ્વાગત કરાયું

અમદાવાદના જમાલપુર જગન્નાથ મંદિરએ આજે સવારે 149મી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. આ રથયાત્રા ભગવાન શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજીના ત્રણેય રથ અમદાવાદ મનપાની મુખ્ય કચેરી ખાતે પહોંચ્યા હતા. આ પ્રસંગે જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજ તેમજ ત્રણેય રથોનું અમદાવાદ મનપા દ્વારા પરંપરાગત રીતે સ્વાગત અને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મનપાની મુખ્ય કચેરી ખાતે યોજાયેલા સ્વાગત સમારોહમાં મેયર હિતેશ બારોટ, સ્થાનિક ધારાસભ્યઓ, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ, મનપા કમિશનર બંછાનિધિ પાની, વિવિધ કમિટીના ચેરમેનઓ, કાઉન્સિલરઓ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરઓ તથા કોર્પોરેશનના અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ, તાજિયા અને ઇદેમિલાદુનબી સેન્ટ્રલ કમિટી અમદાવાદના ચેરમેન, વાઈસ ચેરમેન, જનરલ સેક્રેટરી, જોઇન્ટ સેક્રેટરી, કમિટીના હોદ્દેદારો દ્વારા દિલીપદાસ મહારાજનું શાલ અને કોમી એકતાનું ખાસ સ્મૃતિ ચિન્હ ભેટ આપી સ્વાગત કરાયું હતું.

## શાહપુરમાં મુસ્લિમ આગેવાનોએ રથયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરી સફેદ કબૂતર ઉડાડી કોમી એકતા અને શાંતિનો સંદેશ આપ્યો

ભગવાન શ્રી જગન્નાથજીની 149મી રથયાત્રા શાહપુર વિસ્તારમાં પ્રવેશતા કોમી સૌહાર્દ અને એકતાનું અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. મુસ્લિમ આગેવાનો અને સ્થાનિક હિન્દુ આગેવાનોએ ભગવાનના રથનું ભવ્ય સ્વાગત કરી સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો. શાહપુર ખાતે જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજનું મુસ્લિમ આગેવાનોએ પુષ્પહાર પહેરાવી સન્માન કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખ સહિત લઘુમતિ અને હિન્દુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ભગવાનના રથનું ફૂલહારથી સ્વાગત કરી પરસ્પર સૌહાર્દનું દૃશ્ય સર્જ્યું હતું. કાર્યક્રમ દરમિયાન "કોમી એકતા ઝિંદાબાદ"ના નારા સાથે શાંતિના પ્રતીક એવા સફેદ કબૂતરોને આકાશમાં ઉડાડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા સમાજમાં ભાઈચારો, શાંતિ અને પરસ્પર સદભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. રથયાત્રા શાહપુરમાં પહોંચતા ભગવાન જગન્નાથજીના દર્શન કરવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

### રથયાત્રામાં બેભાન થવાના સૌથી વધુ 15 કેસ નોંધાયા

ભગવાન શ્રી જગન્નાથજીની 149મી રથયાત્રા દરમિયાન ભક્તોની ભારે ભીડ વચ્ચે રથયાત્રા દરમિયાન કુલ 41 લોકોને તાત્કાલિક તબીબી સારવાર આપવામાં આવી હતી. રથયાત્રામાં ભારે ભીડને પગલે 15 લોકોને બેભાન (મૂર્છા) થવાની ફરિયાદ સાથે સારવાર આપવામાં આવી હતી, જે સૌથી વધુ નોંધાયેલા કેસ હતા. આ ઉપરાંત 5 લોકોને પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઇડ) આપવામાં આવી હતી. અન્ય નોંધાયેલા કેસોમાં 4 લોકોને શ્વાસ લેવામાં તકલીફ, 4 લોકો પડી જવાથી ઈજાગ્રસ્ત, 3 માર્ગ અકસ્માતના કેસ, 2 લોકોને પેટમાં દુખાવો, 2 લોકોને આંચકી (કન્વલ્ઝન), જ્યારે ડીહાઈડ્રેશન, ઉલ્ટી, છાતીમાં દુખાવો અને માથાના દુખાવાના એક-એક કેસ નોંધાયા હતા.

### રથયાત્રામાં હાથીઓ સાથે મહંત દિલીપદાસ મહારાજ પગપાળા ચાલ્યા

ગત વર્ષની ઘટનાને ધ્યાનમાં રાખી વિશેષ તકેદારી- હાથીઓના પગમાં બાંધાઈ લોખંડની સાંકળો ભગવાન શ્રી જગન્નાથજીની 149મી રથયાત્રા દરમિયાન સુરક્ષા અને વ્યવસ્થાને પગલે આ વર્ષે વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજ રથયાત્રામાં હાથીઓની સાથે પગપાળા ચાલતા જોવા મળ્યા હતા. સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે આ વર્ષે હાથીઓના પગમાં લોખંડની સાંકળો પણ બાંધવામાં આવી હતી, જેથી કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ સર્જાય તો તેને ઝડપથી નિયંત્રણમાં લઈ શકાય. યાત્રા દરમિયાન હાથીઓની સાથે મહાવત અને પ્રશિક્ષિત કર્મચારીઓ પણ સતત તૈનાત રહ્યા હતા.

### રથયાત્રાનું આકર્ષણ

| | |
|---|---|
| 18 | ગજરાજો |
| 30 | અખાડા |
| 103 | ઝાંકી સાથેની ટ્રકો |

# નર્સિંગ અને ફિઝિયોથેરાપી માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ

**નર્સિંગ** અને એલાઇડ મેડિકલ કોર્સના પ્રવેશ માટે ઓનલાઈન નોંધણી 17 જુલાઈ સુધી

ગાંધીનગર : રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત 'એડમિશન કમિટી ફોર ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ' (GPNAMEC) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પેરામેડિકલ કોર્સીસમાં પ્રવેશની પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવી છે. પ્રવેશ નિયમોમાં થયેલા સુધારા બાદ કમિટી દ્વારા ઓનલાઇન પીન વિતરણ અને રજીસ્ટ્રેશન માટેનો નવો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં નર્સિંગ અને એલાઈડ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર છે. પ્રવેશ નિયમોમાં થયેલા સુધારાને પગલે એડમિશન કમિટી ફોર ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સિસ (GPNAMEC) દ્વારા વર્ષ 2026-27ની પ્રવેશ પ્રક્રિયા માટે ઓનલાઈન પિન વિતરણ અને નોંધણીનો કાર્યક્રમ ફરી જાહેર કરવામાં આવ્યો છે. કમિટીએ વિદ્યાર્થીઓને 17 જુલાઈ સુધી ઓનલાઈન પિન ખરીદી અને નોંધણી પૂર્ણ કરવાની સાથે નિયમિતપણે સત્તાવાર વેબસાઈટ પર પ્રવેશ સંબંધિત માહિતી તપાસવાની અપીલ કરી છે.

પ્રવેશ સમિતિના કાર્યક્રમ મુજબ 17 જુલાઈ બપોરે 2 વાગ્યા સુધી ઓનલાઈન પિન ખરીદી શકાશે, જ્યારે ઓનલાઈન નોંધણી અને જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરવાની પ્રક્રિયા 17 જુલાઈ સાંજે 4 વાગ્યા સુધી ચાલુ રહેશે.

દસ્તાવેજોની ચકાસણી માટે હેલ્પ સેન્ટરો ખાતે 18 જુલાઈ સાંજે 4 વાગ્યા સુધી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓનલાઈન પિન માટે રૂ. 1,000ની બિનપરતપાત્ર ફી નિર્ધારિત કરવામાં આવી છે.

# જગન્નાથજીના દર્શને જતી કોલેજિયન યુવતીનું કરુણ મોત

**પૂરપાટ** દોડતી ટ્રકે મોપેડ સવાર બે કોલેજિયન યુવતીઓને અડફેટે લીધી

**સાયણ**-હજીરા આઉટર રિંગ રોડ પર ગમખ્વાર અકસ્માત



સુરત : સુરતમાં પૂરપાટ ઝડપે દોડતા ભારે વાહનો માસૂમ અને નિર્દોષ વાહનચાલકો માટે કાળ સાબિત થઈ રહ્યો છે. પવિત્ર અષાઢી બીજના તહેવારે જ સુરતમાં એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. સાયણ અને હજીરાને જોડતા આઉટર રિંગ રોડ પર એક બેફામ દોડતા ટ્રક ચાલકે મોપેડ સવાર બે કોલેજિયન યુવતીઓને જોરદાર ટક્કર મારી હતી.

ભગવાન જગન્નાથના દર્શને જતી આ બે બહેનપણીઓમાંથી એકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવતીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. તહેવારના દિવસે જ વ્હાલસોયી દીકરી ગુમાવતા પરિવારમાં ભારે આક્રંદ અને શોકનો માહોલ છવાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી અને B.Com માં અભ્યાસ કરતી બે બહેનપણીઓ 18 વર્ષીય રિયા કુંભાણી અને 20 વર્ષીય ઉર્વિષા બાંભણિયા ગુરુવારે સવારે અમરોલી ખાતે આવેલી તેમની કોલેજે ગઈ હતી. આજે અષાઢી બીજનો પવિત્ર તહેવાર હોવાથી, કોલેજ પત્યા બાદ બંને બહેનપણીઓ મોપેડ લઈને જહાંગીરપુરા ખાતે આવેલા ઈસ્કોન મંદિરમાં ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે નીકળી હતી. બંને યુવતીઓ પવિત્ર દિવસે ભગવાનના દર્શન કરીને ધન્યતા અનુભવે તે પહેલા જ રસ્તામાં મોત ભેટશે તેવી કલ્પના પણ કોઈએ કરી ન હતી.

# અમદાવાદ એરપોર્ટ પર 34.29 લાખનું 233 ગ્રામ સોનું ઝડપાયું

**એર** ઇન્ટેલિજન્સ યુનિટની કાર્યવાહી

**પેસેન્જર** પ્રોફાઇલિંગના આધારે તપાસ ઝડપી બનાવાઇ

અમદાવાદ : અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તાજેતરમાં સોનાની હેરાફેરી અને સોનું લઈને નીકળેલા બે પ્રવાસીઓના કથિત અપહરણ અને લૂંટના વિવાદ વચ્ચે કસ્ટમ્સ વિભાગે વધુ એક મોટી કાર્યવાહી કરીને 34.29 લાખ રૂપિયાથી વધુ કિંમતનું 233 ગ્રામ 24 કેરેટ સોનું જપ્ત કર્યું છે. અબુધાબીથી આવેલી એક મહિલા મુસાફરે કસ્ટમ ડ્યુટી ચૂકવવાનું ટાળવાના ઈરાદાથી પોતાના બુરખાની અંદર બે 'ટીટી બાર' છુપાવી રાખ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)ના અધિકારીઓએ ગુરુવારે ફ્લાઈટ નંબર 3L111 મારફતે અબુધાબીથી અમદાવાદ પહોંચેલી મહિલા મુસાફરને શંકાના આધારે રોકી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તેના બુરખાની અંદરથી 24 કેરેટ સોનાના બે ટીટી બાર મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા સોનાનું કુલ વજન 233 ગ્રામ હોવાનું સામે આવ્યું છે, જેની અંદાજિત બજાર કિંમત 34,29,216 રૂપિયા થાય છે.

કસ્ટમ્સ વિભાગે કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ સમગ્ર જથ્થો જપ્ત કરીને આગળની તપાસ શરૂ કરી છે. આ સોનું ક્યાંથી મેળવવામાં આવ્યું હતું, કોની પાસેથી લેવામાં આવ્યું હતું અને ભારતમાં કોને પહોંચાડવાનું હતું તે સહિતના તમામ પાસાઓની તપાસ ચાલી રહી છે.

આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે થોડા દિવસ પહેલાં અમદાવાદ એરપોર્ટ પરથી સોનું લઈને બહાર નીકળેલા બે મુસાફરોનું કથિત રીતે નકલી પોલીસ બની અપહરણ કરીને લાખો રૂપિયાનું સોનું લૂંટી લેવામાં આવ્યું હોવાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી. આ ઘટનાને લઈને કસ્ટમ્સની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા હતા કે મુસાફરો સોનું લઈને એરપોર્ટની બહાર કેવી રીતે નીકળી ગયા. જોકે, લૂંટનો ભોગ બનેલા બંને મુસાફરોએ પોલીસ સમક્ષ સોનું કાયદેસર ખરીદ્યું હોવાનું અને તેનું બિલ બાદમાં રજૂ કરવાની વાત કરી હતી. તેમણે કસ્ટમ્સ સમક્ષ સોનાની જાહેરખબર કરી હતી કે નહીં તે હજુ તપાસનો વિષય છે. આ વિવાદ વચ્ચે કસ્ટમ્સ વિભાગે મુસાફરોની દેખરેખ વધુ કડક બનાવી છે. વિભાગ દ્વારા પેસેન્જર પ્રોફાઈલિંગની પદ્ધતિ અપનાવવામાં આવે છે, જેમાં મુસાફરે અગાઉ કેટલી વખત અને કયા દેશોમાં પ્રવાસ કર્યો છે, તેની અવરજવરનું સ્વરૂપ કેવું રહ્યું છે અને શંકાસ્પદ પ્રવાસની પેટર્ન જેવી વિગતોનું વિશ્લેષણ કરવામાં આવે છે. આવા પ્રોફાઈલિંગના આધારે શંકાસ્પદ મુસાફરોને ઓળખીને તેમની સઘન તપાસ કરવામાં આવે છે. તાજેતરની કાર્યવાહીને પણ આવી જ પ્રોફાઈલિંગ આધારિત સફળ કામગીરી માનવામાં આવી રહી છે.

કસ્ટમ્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય રૂટ પર સોનાની દાણચોરીના પ્રયાસો સતત સામે આવી રહ્યા હોવાથી એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા જોખમી ગણાતા મુસાફરો પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. હાલ જપ્ત કરાયેલા સોનાના મૂળ સ્ત્રોત અને તેના સમગ્ર નેટવર્ક સુધી પહોંચવા તપાસને વધુ વેગ આપવામાં આવ્યો છે.

# અમિત શાહે અમદાવાદના જગન્નાથ મંદિરે પરિવાર સાથે મંગળા આરતી કરી

**દેશવાસીઓ** અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રને શુભેચ્છા પાઠવી

અમદાવાદ : આસ્થા, સંસ્કૃતિ અને ભક્તિના પાવન પર્વ ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદમાં જમાલપુરમાં સુપ્રસિદ્ધ શ્રી જગન્નાથ મંદિરે પરિવાર સાથે મંગળા આરતીમાં સહભાગી બની ભગવાન જગન્નાથ, બલભદ્ર અને માતા સુભદ્રાના ચરણોમાં દેશના સર્વાંગી વિકાસ તથા દરેક નાગરિકના સુખ, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી. આ સાથે તેમણે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર, સમગ્ર ગુજરાત અને દેશવાસીઓને રથયાત્રાની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ અષાઢી બીજના પાવન અવસરે કચ્છી સમાજને નવા વર્ષની શુભકામનાઓ પણ આપી હતી.

અમિત શાહે જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથજીની રથયાત્રા માત્ર ધાર્મિક પરંપરા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, સામાજિક સમરસતા, સેવા, એકતા અને લોકકલ્યાણના મૂલ્યોનું જીવંત પ્રતીક છે. દેશની પ્રાચીન સાંસ્કૃતિક વિરાસતને જાળવી રાખવા અને તેને નવી પેઢી સુધી પહોંચાડવાનો સંકલ્પ ભારતના વિકાસ સાથે સમાન ગતિએ આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર "વિકાસ ભી, વિરાસત ભી"ના ધ્યેયમંત્ર સાથે આધુનિક વિકાસની સાથે ભારતીય સંસ્કૃતિ, ઐતિહાસિક વારસા, તીર્થસ્થળો અને આધ્યાત્મિક કેન્દ્રોના જતન, સંવર્ધન અને વિકાસ માટે સતત કાર્ય કરી રહી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી જગન્નાથ મંદિરની મંગળા આરતીમાં સહભાગી થવાનું સૌભાગ્ય મળ્યું હોવાનું જણાવતાં શાહે કહ્યું હતું કે આ દિવ્ય અવસર આત્મિક શાંતિ, નવી ઊર્જા અને રાષ્ટ્રસેવાની પ્રેરણા આપે છે. ભગવાન જગન્નાથજીના આશીર્વાદથી ભારત સતત પ્રગતિના માર્ગે આગળ વધે, દરેક નાગરિકનું જીવન સુખમય બને અને વિશ્વમાં દેશનું ગૌરવ વધુ વધે તેવી તેમણે પ્રાર્થના વ્યક્ત કરી હતી.

## સુડોકુ ૭૧૭૮ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૪ | ૩ | | | ૨ | |
| | ૨ | | | | | ૩ | | ૪ |
| ૮ | ૪ | | | | | ૧ | ૭ | ૬ |
| ૩ | ૮ | ૯ | | | ૪ | | ૬ | |
| | | ૨ | | ૯ | ૩ | ૭ | ૪ | ૧ |
| ૧ | ૭ | ૪ | ૫ | ૬ | ૨ | ૮ | | ૩ |
| | ૯ | ૭ | | | ૧ | | | ૨ |
| ૨ | ૫ | ૧ | | | | ૪ | ૩ | ૯ |
| | ૩ | ૮ | | | | | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

# સાયણ ચેક પોસ્ટ પાસેથી કતારગામના ટ્યુશન સંચાલકનો મૃતદેહ મળ્યો

સુરતઃ સાયણ ચેક પોસ્ટ પાસેથી કતારગામના ટ્યુશન સંચાલકનો મૃતદેહ મળી આવ્યો હતો. સંચાલકે ઝેર પીને આપઘાત કર્યો હોવાની શક્યતા હાલમાં વ્યક્ત કરવામાં આવી રહી છે.

મળેલી માહિતી મુજબ, કતારગામ વિસ્તારમાં આવેલ કંતારેશ્વર મહાદેવ મંદિર પાસેની રઘુનંદન સોસાયટીમાં નિલેશભાઈ રમણીકભાઈ રાબડિયા (46 વર્ષ) ટ્યુશન સંચાલક હતા. ગુરુવારે મોડી રાત્રે સાયણ ચેક પોસ્ટ પાસેથી ખુલ્લા ખેતરમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

પોલીસે તપાસ કરતા મૃતદેહ નિલેશભાઈનું હોવાનું જાણવા મળ્યું હતું.

તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પોસ્ટમોર્ટમ દરમિયાન નિલેશભાઈએ ઝેર પીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. અમરોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### મધુપ્રમેહ

ગળો સત્વ 30g, જેઠીમધ 30g, સૂંઠ 30g, મકરધ્વજ 10g, ત્રિફલા 30g નું ચૂર્ણ કરવું. રોજ 2 ગ્રામ ચૂર્ણ દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવું.

## શબ્દગુંફન - ૭૨૪૨

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. આડી અવળી નવરાશની વાતો (૪)
૪. જિંદગી, જન્મારો (૩)
૭. ખેલ (૩)
૯. વિશ્વાસ (૩)
૧૦. મૂળ ગામ કે દેશ (૩)
૧૨. આદમી (૨)
૧૩. ચાલ, ઝડપ (૨)
૧૪. ..... લખવાનું કે (૨)
૧૫. હાથી (૨)
૧૬. કિંમતી, ભારે (૩)
૧૮. પરવા, કાળજી (૨)
૧૯. અભિપ્રાય (૨)
૨૦. સહેજ (૨)
૨૧. અછત, ઓછપ (૩)
૨૩. કાગળનાં નાના - ટુકડા (૪)
૨૬. લોચન, આંખ (૩)
૨૮. ચાલવું, ગતિ (૩)
૩૦. નવ લાખનાં મૂલ્યનું (૪)
૩૩. અધીરાઈ (૪)
૩૬. માલિશ કરવું તે (૩)

**ઊભી ચાવી**

૨. પાછું (૩)
૩. પારકું, અન્ય (૨)
૪. ફત્તેહ, વિજય (૨)
૫. આંખ (૩)
૬. સિંહ (૪)
૮. બુદ્ધિ, અક્કલ (૨)
૧૦. મુખ, ચહેરો (૩)
૧૧. રોકડું (૩)
૧૨. .....લખવાનું કે (૨)
૧૪. એકઠું કરેલું (૨)
૧૫. વીતી ચૂકેલું (૨)
૧૭. ભૂલભરેલું (૩)
૧૮. એક તેજાનો (૨)
૧૯. રાજી, જગ્યા (૩)
૨૦. લડાઈનું મેદાન (૨)
૨૨. ધૂન, મસ્તી (૨)
૨૩. અરુચિ, અપ્રીતિ (૩)
૨૪. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૫. સોનું, કુંદન (૨)
૨૭. અનાથ બાળક (૩)
૨૯. નમેલું (૨)
૩૧. કૃષ્ણ પક્ષનું (૨)
૩૨. ગધેડો (૨)
૩૪. પુરુષ (૨)
૩૫. સદ્વર્તન (૨)

# ફાર્મસીમાં કોલેજોની PCIની માન્યતા નહીં હોય તો રજિસ્ટ્રેશન નહીં થશે

**ગુજરાત** રાજ્ય ફાર્મસી કાઉન્સિલની વિદ્યાર્થીઓ-વાલીઓને ચેતવણી

ગાંધીનગર : ધોરણ-12ના પરિણામો બાદ ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા તેજ બનતાં ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે ફાર્મસીમાં પ્રવેશ લેતા પહેલાં સંબંધિત કોલેજને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)ની માન્યતા છે કે નહીં તેની ફરજિયાત ચકાસણી કરવી જરૂરી છે. જો કોઈ વિદ્યાર્થી બિનમાન્ય સંસ્થામાં, મંજૂર બેઠકો કરતાં વધુ બેઠકો પર અથવા અમાન્ય બોર્ડના ધોરણ-12ના આધારે પ્રવેશ મેળવશે તો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ તેને ફાર્માસિસ્ટ તરીકે રજિસ્ટ્રેશન મળશે નહીં.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલે જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ ફાર્મસી અધિનિયમ-1948ની જોગવાઈઓ હેઠળ ડિપ્લોમા ઈન ફાર્મસી (D.Pharm) અને ડિગ્રી ફાર્મસી (B.Pharm) અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઉમેદવારે સરકાર માન્ય બોર્ડમાંથી ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી અથવા મેથેમેટિક્સ વિષયો સાથે પરીક્ષા પાસ કરેલી હોવી ફરજિયાત છે. કાઉન્સિલે ખાસ ભારપૂર્વક જણાવ્યું છે કે કેટલાક વિદ્યાર્થીઓ માત્ર પ્રવેશ મેળવવાના હેતુથી અમાન્ય બોર્ડના પ્રમાણપત્રના આધારે પ્રવેશ લેતા હોય છે, પરંતુ આવા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન માટે પાત્ર બનતા નથી. પરિણામે તેમની ફાર્માસિસ્ટ તરીકેની કારકિર્દી પર સીધી અસર પડી શકે છે.

કાઉન્સિલે વિદ્યાર્થીઓને ગુજરાત તેમજ રાજ્ય બહારની કોઈ પણ ફાર્મસી કોલેજમાં પ્રવેશ લેતા પહેલાં તે સંસ્થાને PCIની માન્યતા છે કે નહીં તેની અધિકૃત વેબસાઈટ પર ચકાસણી કરવાની પણ અપીલ કરી છે. આ ઉપરાંત સંબંધિત કોલેજમાં PCI દ્વારા મંજૂર કરવામાં આવેલી બેઠકો કરતાં વધુ વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પ્રવેશ પણ અમાન્ય ગણાશે. માર્ગદર્શિકા મુજબ જો કોઈ વિદ્યાર્થી PCIની મંજૂરી વગરની સંસ્થામાં અભ્યાસ કરશે અથવા જે સંસ્થાની પરીક્ષા લેતી ઓથોરિટીને PCIની મંજૂરી નહીં હોય ત્યાંથી અભ્યાસ પૂર્ણ કરશે તો તેને પણ ફાર્માસિસ્ટ તરીકેનું રજિસ્ટ્રેશન આપવામાં આવશે નહીં.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલે જણાવ્યું છે કે ગુજરાતની તમામ PCI માન્ય ફાર્મસી કોલેજોની અધિકૃત યાદી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને કોઈપણ સંસ્થા અથવા પ્રવેશ અંગે શંકા હોય તો તેઓ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની કચેરીનો સંપર્ક કરીને જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે.

## આજનું પંચાંગ

**તા. 17/07/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિઃ** સુદ : ત્રીજ : 06-29 પછી ચતુર્થીનો ક્ષય
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 26
**યોગ :** વ્યતિપાત **કરણઃ** વણિજ
**નક્ષત્ર :** મઘા : 18:36
**રાશિઃ** સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:07 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:21
**નવકારસી :** 06:55
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુકાળ:** સવારે : 10:30થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** સંતાનોના કામ સરળ બને. સંતાનોની સફળતાનો આનંદ રહે. આર્થિક બાબતે પ્રગતિ થાય. પ્રેમમાં ગેરસમજ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** બહારના કામમાં પરિવારનો સાથ મળે. સમાજમાં યશમળે. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં ઇચ્છિત સ્થાન મળે. સ્વજનોનો સાથ મળે. મિત્રો સાથે મનોરંજન થાય. શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** નવા રોજગારની પ્રાપ્તિ થાય. નવી યોજનાનો લાભ મળે. પરિવારમાં માંગલિક કાર્યનું આયોજન થાય.

**સિંહ (મ,ટ,):** યાત્રા પ્રવાસમાં મિલન-મુલાકાતથી ઉત્સાહ વધે. નોકરીમાં પ્રમોશન થાય. સમાજમાં અશાંતિ વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** લેવડ-દેવડમાં સાવધાન રહેવું. કોઇના જામીન થવુ નહી. કોર્ટ કચેરીમાં અશાંતિ વધે. ખર્ચા વધે.

**તુલા (ર,ત,):** વાચન-લેખનમાં મન લાગે. બુદ્ધિ શક્તિથી સફળતા મળે. અચાનક ઇચ્છિત મુલાકાત થાય.

**વૃશ્ચિક (ન,ય,):** કાર્ય સ્થળ પર ફેરફાર થાય. નોકરીમાં ઉપરી વર્ગમાં સાથ મળે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રાજ્ય કે સરકાર તરફથી લાભ થાય. પ્રવાસમાં સાવધાન રહેવું. અચાનક સંતાનોના પ્રશ્નો સતાવે.

**મકર (ખ,જ,):** આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. સરકારી કામમાં વિઘ્નો આવે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. નોકરીમાં કાર્યબોજ સતાવે. ઘરમાં અશાંતિ રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** હરીફોથી સાવધાન રહેવું. સરકારી કામમાં વિલંબ થાય. નોકરીમાં અશાંતિ સતાવે.

## કોઈ પણ સાલમાં 17 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. સમાજમાં અશાંતિ સતાવે. ઘર-પરિવારમાં નવી જવાબદારી નિભાવવી પડે. ઘરના નાના સભ્યોને મદદ કરવી પડે. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા-સમાજ વગેરેમાં હરીફો સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ-વિવાહમાં મદદ મળે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને અશાંતિ સતાવે. છતાં ભાગ્યનો સાથ રહે. સંતાનોની પ્રગતિ થાય. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજીની મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીનના કામમાં વડીલો મિત્રોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી, શુક્ર, શનિ, 08, 17, 26 તારીખે નવા કામ કરી શકાય. કાળો અને નીલો રંગ ઉપયોગમાં લેવો. માર્ચ-એપ્રિલ-બુધવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવાં. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

# 19 જુલાઈએ વાપી સ્ટેશન પર 3 કલાકનો મેગા બ્લોક

**તેજસ** અને કર્ણાવતી સહિત અનેક ટ્રેનો મોડી દોડશે

સુરતઃ પશ્ચિમ રેલવેના વાપી સ્ટેશન પર મશીન સાઈડિંગના કમિશનિંગ કામગીરી માટે આગામી 19 જુલાઈના રોજ 3 કલાકનો નોન-ઈન્ટરલોકિંગ (NI) બ્લોક લેવામાં આવનાર છે. આ સમયગાળા દરમિયાન સિગ્નલિંગ સિસ્ટમ સાથે જોડાયેલા ટેકનિકલ કાર્યો કરવામાં આવશે, જેને કારણે મુંબઈ-અમદાવાદ રૂટની અનેક મેલ, એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોના પરિવહનને અસર થશે.

### 18 જુલાઈએ લેવાશે પ્રી-બ્લોક

રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય કામગીરી પહેલા 18 જુલાઈએ રાત્રે 10:10 થી 10:40 વાગ્યા સુધી બીજો પ્રી-બ્લોક રહેશે. આ પ્રાથમિક કામગીરી પૂર્ણ થયા બાદ 19 જુલાઈએ સવારે 9:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી મુખ્ય નોન-ઇન્ટરલોકિંગ બ્લોક અમલમાં રહેશે, જેમાં મશીન સાઇડિંગનું કમિશનિંગ કામ પૂરું કરાશે.

### 18 જુલાઈએ મોડી ચાલનારી ટ્રેનો (30થી 50 મિનિટનો વિલંબ)

» મુંબઈ સેન્ટ્રલ - વલસાડ પેસેન્જર » અજમેર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ » અમદાવાદ - બોરીવલી એક્સપ્રેસ » શ્રીગંગાનગર - દાદર એક્સપ્રેસ » ભુજ - દાદર સયાજીનગરી એક્સપ્રેસ » અજમેર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ » અમૃતસર - બાંદ્રા ટર્મિનસ પશ્ચિમ એક્સપ્રેસ » બાડમેર - બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ

### 19 જુલાઈએ આ મુખ્ય ટ્રેનોને રેગ્યુલેટ (મોડી) કરાશે

» બાંદ્રા ટર્મિનસ - સુરત સુપરફાસ્ટ એક્સપ્રેસ » અમદાવાદ » બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ » અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ IRCTC તેજસ એક્સપ્રેસ » ગુજરાત એક્સપ્રેસ

### આ ટ્રેનોના રૂટમાં આંશિક ફેરફાર અને રદબાતલ

- બોરીવલી - વલસાડ મેમૂ: આ ટ્રેન ભિલાડ સ્ટેશન સુધી જ ચાલશે અને ભિલાડથી વલસાડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.